### આણંદમાં બીજુ પરમિશન વગર ધમધમતા પાર્ટી પ્લોટ સામે મનપાની કાર્યવાહી

# આણંદમાં એનઓસી વગરનો ધમધમતો એ-વન પાર્ટી પ્લોટને મનપાએ સીલ કર્યો

**વારંવાર નોટિસ** આપવા છતાં પુરાવા રજૂ કરવામાં નિષ્ફળતા



(પ્રતિનિધિ) આણંદ તા.13

આણંદ-કરમસદ મનપા વિસ્તારમાં 100 ફૂટ રોડ પર આવેલ જાણીતા 'એ-વન પાર્ટી પ્લોટ' સામે તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. બાંધકામ વપરાશ પરવાનગી અને ફાયર એન.ઓ.સી. જેવા અનિવાર્ય દસ્તાવેજો વગર વાણિજ્યિક હેતુ માટે ઉપયોગમાં લેવાતા આ પ્લોટને ટાઉન પ્લાનિંગ અને એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક અસરથી સીલ કરી દેવામાં આવ્યો છે. આણંદ-કરમસદ મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા કરમસદ-આણંદ વિસ્તારમાં આવેલ એ-વન પાર્ટી પ્લોટના માલિક અને કબજેદાર પાસે મિલકત સંબંધિત કાયદેસરના પુરાવાઓ માંગવામાં આવ્યા હતાં. આ સંદર્ભે તંત્ર દ્વારા અગાઉ 25મી એપ્રિલ,2025 અને છઠ્ઠી જાન્યુઆરી, 2026ના રોજ નોટિસો આપીને વાણિજ્ય હેતુની બાંધકામ પરવાનગી, બીયુ પરમિશન અને ફાયર એન.ઓ.સી. રજૂ કરવા જણાવવામાં આવ્યું હતું. જોકે, વારંવારની સૂચના છતાં સંચાલકો યોગ્ય દસ્તાવેજો રજૂ કરી શક્યા ન હતાં.

મનપાની તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ જમીનમાં કોઈપણ પ્રકારની વિકાસ પરવાનગી કે બિનખેતી પરવાનગી મેળવ્યા વગર જ બાંધકામ કરી તેનો વ્યવસાયિક ઉપયોગ કરવામાં આવતો હતો. વિશેષ કરીને, આ પાર્ટી પ્લોટનો ઉપયોગ સામાજિક પ્રસંગો માટે થતો હોવાથી ત્યાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થતા હોય છે. આવી સ્થિતિમાં ફાયર સેફ્ટીની સુવિધા ન હોવી એ માનવ જીવન માટે અત્યંત જોખમકારક સાબિત થઈ શકે તેમ હતું. ભવિષ્યમાં કોઈ જાન-માલની હાનિ ન પહોંચે તે હેતુથી એસ્ટેટ ઈન્સ્પેક્ટરની ટીમ દ્વારા આ મિલકતને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

### ચારૂસેટ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં 2794 છાત્રોને ડિગ્રી એનાયત

# ભારત 2027 સુધીમાં વિશ્વની ત્રીજી આર્થિક મહાસત્તા બનશે

**યુવાનો વિકસિત** ભારતના સંકલ્પના સારથિ બનવા અમિત શાહની હાંકલ



(પ્રતિનિધિ) આણંદ તા.13

ચારૂસેટ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે 2794 છાત્રોને ડિગ્રી એનાયત કરી યુવાનોને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવા આહ્વાન કર્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, વર્ષ 2014માં 11મા ક્રમે રહેલું ભારતનું અર્થતંત્ર આજે વિશ્વમાં ચોથા ક્રમે પહોંચ્યું છે અને 2027 સુધીમાં ભારત વિશ્વની ત્રીજી આર્થિક મહાસત્તા બનશે, જેમાં યુવાનોની ભૂમિકા પાયાની રહેશે.

ચારૂસેટ યુનિવર્સિટીના આંગણે અમિત શાહે યુવાનોને સ્પષ્ટ ઉદ્દેશ્ય અને લક્ષ્ય નક્કી કરી દ્રઢ મનોબળ સાથે આગળ વધવા જણાવ્યું હતું અને ભારપૂર્વક કહ્યું કે, નિષ્ફળતાનો ડર રાખ્યા વગર પુરુષાર્થ કરવાની હિંમત રાખવામાં આવે તો સફળતા નિશ્ચિત મળે છે. યુવાનો જે પણ ક્ષેત્ર પસંદ કરે પછી તે સંશોધન હોય કે ઉત્પાદન. દરેક ક્ષેત્રમાં દેશના વિકાસ માટે યોગદાન આપવાનો સંકલ્પ રાખવો જોઈએ.

આ ઉપરાંત ગૃહ મંત્રીએ યુવાનોને શોર્ટકટ ન અપનાવવા અને ટેકનોલોજીનો ઉપયોગ માત્ર વ્યક્તિગત આવક માટે નહીં, પણ સમાજ અને રાષ્ટ્રના હિત માટે કરવા અપીલ કરી હતી. તેમણે પોતાના જીવનનું ઉદાહરણ આપતા જણાવ્યું કે, શિક્ષણ ક્યારેય પૂર્ણ થતું નથી. પોતાની અંદરના વિદ્યાર્થીને ક્યારેય મરવા ન દેવો જોઈએ અને જીવનના અંતિમ શ્વાસ સુધી શીખવાની ભાવના જાળવી રાખવી જોઈએ.

આ પ્રસંગે ચારૂસેટ યુનિવર્સિટીના 42 વિદ્યાર્થીને 45 ગોલ્ડ મેડલ અને 38 વિદ્યાર્થીને ડોક્ટરેટની ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાજ્યના મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદો અને યુનિવર્સિટીના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારંભમાં માતૃ સંસ્થાના પ્રમુખ કિરણભાઈ પટેલ, રજીસ્ટ્રાર ડો. બિનિત પટેલ, ડો. એમ સી પટેલ, ચારુસેટ સાથે સંકળાયેલ વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો સહિત વિદ્યાર્થીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### સીવીએમ યુનિવર્સિટીના તૃતીય પદવીદાન સમારોહમાં જેસીબી ઇન્ડિયાના સીઇઓ હાજર રહ્યા

# સફળતામાટેપરિવર્તનસ્વીકારવાની ક્ષમતા હોવી જોઈએ : દીપક શેટ્ટી

**યુનિવર્સિટીના 2788** વિદ્યાર્થીને પદવી એનાયત, ગોલ્ડ મેડલમાં દીકરીઓએ મેદાન માર્યું



(પ્રતિનિધિ) આણંદ તા.13

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સીવીએમ યુનિવર્સિટીનો તૃતીય પદવીદાન સમારોહ વિદ્યાનગરના શાસ્ત્રી મેદાન ખાતે ભવ્ય રીતે યોજાયો હતો. આ પ્રસંગે જેસીબી ઈન્ડિયા લિમિટેડના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર દીપક શેટ્ટીએ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી દીક્ષાંત પ્રવચન આપ્યું હતું. આ કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ભીખુભાઈ પટેલે સંભાળ્યું હતું.

વિદ્યાનગર સ્થિત સીવીએમ યુનિવર્સિટીના તૃતીય પદવીદાન સમારોહમાં કુલ 2788 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી, જેમાં 2178 સ્નાતક, 547 અનુસ્નાતક અને 63 સંશોધકોને પીએચ.ડી.ની પદવી મળી હતી. તેજસ્વી વિદ્યાર્થીઓને કુલ 43 ગોલ્ડ મેડલ એનાયત કરાયા હતા, જેમાં દીકરીઓએ વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે. 8 ફેકલ્ટી ગોલ્ડ મેડલ પૈકી 6 મેડલ અને 3 ડબલ ગોલ્ડ મેડલ વિજેતાઓ પૈકી 2 દીકરીઓએ મેદાન માર્યું હતું.

આ પ્રસંગે મુખ્ય અતિથિ દીપક શેટ્ટીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, અહીં મળતું શિક્ષણ માત્ર ડિગ્રી પૂરતું સીમિત નથી પણ તે સમસ્યા ઉકેલવાની દૃષ્ટિ અને સેવાની ભાવના શીખવે છે. તેમણે સ્નાતકોને 'નોકરી શોધનાર' ને બદલે 'ઈમ્પેક્ટ (પ્રભાવ) ઊભો કરનાર' બનવા આહ્વાન કર્યું હતું. તેમણે સફળતા માટે ચાર મંત્રો આપ્યા: પરિવર્તન સ્વીકારવાની ક્ષમતા, સતત શીખતા રહેવું, નેતૃત્વ માટે વિશ્વાસ અને મુશ્કેલીઓ સામે ટકી રહેવાની શક્તિ.

જ્યારે મંડળના માનદ સહમંત્રી મેહુલ પટેલે જણાવ્યું હતું કે, યુનિવર્સિટીનું લક્ષ્ય રાષ્ટ્રનિર્માણ માટે સક્ષમ અને ચારિત્ર્યવાન નાગરિકો તૈયાર કરવાનું છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રોવોસ્ટ ડો.ઈન્દ્રજિત પટેલ અને રજિસ્ટ્રાર ડો. સંદીપ વાલિયાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

### વીરપુરમાં ચાઈનીઝ દોરી સાથે એક પકડાયો, એક ફરાર

(પ્રતિનિધિ) વીરપુર તા.13

વીરપુર પોલીસે લીમરવાડા ઘાંટી ભાગમાં દરોડો પાડી ચાઈનીઝ દોરીનો વેપાર પકડી પાડ્યો હતો. વીરપુર પોલીસની ટીમને બાતમી મળી હતી કે, લીમરવાડા ઘાંટી ભવાન અર્જન ઠાકોર પોતાના ઘરમાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરી વેચી રહ્યો છે. આથી, પોલીસે 11મીના રોજ દરોડો પાડ્યો હતો. આ દરોડામાં કાળુ ડાહ્યા ઠાકોર નામનો શખસ થેલા સાથે મળ્યો હતો. આ થેલના તપાસ કરતાં ચાઈનીઝ દોરીની છ ફિરકી કિંમત રૂ.છ હજાર મળી આવી હતી. આ અંગે પુછપરછ કરતાં કાળુએ આ ફિરકી તેના પિતરાઈ ભવાન અર્જન ઠાકોર પાસેથી લીધી હોવાનું કબુલ્યું હતું. આ કબુલાત આધારે વીરપુર પોલીસે કાળુ ડાહ્યા ઠાકોર અને ભવાન અર્જન ઠાકોર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### નડિયાદમાં સંતરામ સમાધિ સ્થાનના અમિત શાહે દર્શન કર્યાં



નડિયાદ | નડિયાદ સ્થિત સંતરામ સમાધિ સ્થાન ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે દર્શન કરી રાષ્ટ્રની એકતા, અખંડિતતા, સુરક્ષા અને સર્વાંગી કલ્યાણ માટે વિશેષ પ્રાર્થના કરી હતી. આ પાવન પ્રસંગે તેમણે સંતરામ મહારાજની સમાધિ તથા દિવ્ય અખંડ જ્યોતના દર્શન કરી આધ્યાત્મિક ચેતનાનો અનુભવ કર્યો હતો. મંદિર પરિસરમાં પ્રદક્ષિણા દરમિયાન તેમણે ત્યાં ઉપસ્થિત દર્શનાર્થીઓનું 'જય મહારાજ' કહી અભિવાદન કર્યું હતું. આ દર્શન બાદ ગૃહ મંત્રીએ મંદિરના મહંત રામદાસજી મહારાજ સાથે મુલાકાત કરી હતી. જેમાં આધ્યાત્મિક મૂલ્યો, સમાજસેવા અને રાષ્ટ્રહિત જેવા વિષયો પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન ગણેશદાસજી મહારાજ, નિર્ગુણદાસજી મહારાજ સહિત અન્ય સંતો દ્વારા તેમનું પરંપરાગત અને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ આધ્યાત્મિક ક્ષણના સાક્ષી બનવા માટે જિલ્લા પ્રભારી મંત્રી રમણભાઈ સોલંકી, રાજ્ય મંત્રી સંજયસિંહ મહિડા, સાંસદ દેવુસિંહ ચૌહાણ તથા નડિયાદ અને આસપાસના વિસ્તારના ધારાસભ્યો અને વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### નડિયાદના મોટા મહાદેવ મંદિરે ડૉ. લંકેશ બાપુની શિવકથામાં ભક્તો ઉમટી પડ્યાં



**નડિયાદ** | સાક્ષર નગરી નડિયાદના પૌરાણિક મોટા મહાદેવ મંદિરે ડો. લંકેશ બાપુના શ્રીમુખે ભવ્ય શિવકથા યોજાઈ રહી છે, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે. આ પ્રસંગે મંત્રી સંજયસિંહ મહીડા અને સાંસદ દેવુસિંહ ચૌહાણ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી પોથીપૂજનનો દિવ્ય લાભ લીધો હતો. આ કથા દરમિયાન શિવ નવરાત્રા, શિવતાંડવ સ્તોત્ર અને મહાઆરતી જેવા ધાર્મિક ઉત્સવોની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. દરરોજ રાત્રે 8:30 થી 12:00 દરમિયાન ભક્તો શિવમહિમાના ગૂઢ રહસ્યો જાણી ભક્તિભાવમાં લીન થઈ રહ્યા છે.

### નડિયાદમાં 'નગર નડિયાદના વિકાસ માટે ખાસ વિચારો' પર નિબંધ સ્પર્ધા યોજાઇ



**નડિયાદ** | નડિયાદના ફેડરેશન ઓફ સિનિયર સિટીઝન કલબના રજનત જયંતિ વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના સલાહકાર ભાસ્કરભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ નડિયાદના વિકાસ મારા વિચારો વિષય પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે યશવંતભાઈ દેસાઇ, દ્વિતિય ઇકબાલભાઇ એ. મેમન અને તૃતિય કોકિલાબહેન જી. પટેલ વિજેતા બન્યાં હતાં.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.

E-mail : gujmitraanand@gmail.com

મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.

E-mail : gujmitranadiad@gmail.com


### અનુગ્રહ પાઠશાળાના 250 વૈષ્ણવોએ ડાકોર-અલીણાના દર્શનનો લ્હાવો લીધો



**ડાકોર** | અનુગ્રહ પાઠશાળાના એક વર્ષ પૂર્ણ થતા અમદાવાદથી 250 વૈષ્ણવોએ ડાકોર ખાતે દર્શન અને આરતીનો લ્હાવો લીધો હતો. ડાકોર મંદિરમાં બાવાશ્રી દ્વારા આરતી કરવામાં આવી હતી. બાદ મહાપ્રભુજીની બેઠકજીએ સૌએ જારી ચરણસ્પર્શ કરી આશીર્વાદ અને ઓઢાડણીનો પ્રસાદ મેળવ્યો હતો. બપોર બાદ અલીણા બેઠકજી ખાતે વચનામૃત અને મનોરંજક રમતોનું સુંદર આયોજન કરાયું હતું, જેમાં બાળકોથી લઈને વડીલો સુધીના તમામ વૈષ્ણવો ભાવવિભોર બની જોડાયા હતા. મહાપ્રસાદ અને અલ્પાહાર ગ્રહણ કર્યા બાદ 3 બસો અને ખાનગી વાહનો દ્વારા તમામ વૈષ્ણવો સુરક્ષિત રીતે અમદાવાદ અનુગ્રહ પાઠશાળા ખાતે પરત ફર્યા હતા.

### ઉમરેઠમાં તલાટી પરિવારના સ્નેહમિલનમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન કરાયું



**ઉમરેઠ** | ઉમરેઠના નાસિક વાલા હોલ ખાતે તલાટી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત છઠ્ઠા સ્નેહમિલનમાં પરિવારના 170 થી વધુ સભ્યોએ ઉત્સાહભેર હાજરી આપી હતી. આ પ્રસંગે ધોરણ 1થી 12ના તેજસ્વી તારલાઓ અને સીએ, ડોક્ટર તથા એમ.ટેક. જેવી ઉચ્ચ ડિગ્રી મેળવનારા વિદ્યાર્થીઓનું સંસ્થાના હોદ્દેદારો દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રમુખ જયેશભાઈ તલાટી અને અન્ય હોદ્દેદારોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમને સફળ બનાવવા કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ મિલન સમારોહના અંતે સૌ સભ્યો સ્વાદિષ્ટ ભોજન, હાઉસી અને ગરબાની રમઝટ માણીને આનંદ સાથે છૂટા પડ્યા હતા.

### કુણીની પ્રાથમિક શાળામાં અદ્યતન સાયન્સ અને કોમ્પ્યુટર લેબ બનાવવાની જાહેરાત



**ગળતેશ્વર** | ગળતેશ્વર તાલુકાના કુણી ગામે જાણીતા દાતા શશીકાંતભાઈ દરિયા (કુણી કેમ્પસ વાળા) અને શિક્ષણ જગતના અગ્રણીઓએ પ્રાથમિક શાળાની મુલાકાત લઈ બાળકો સાથે સંવાદ કર્યો હતો. વિદ્યાર્થીઓની જરૂરિયાતને ધ્યાને રાખી શશીકાંતભાઈએ શાળામાં બાળકોના હિત માટે એક અદ્યતન 'સાયન્સ લેબ' અને 'કોમ્પ્યુટર લેબ' બનાવી આપવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. અગાઉ પણ ગામ, શાળા અને હોસ્પિટલના વિકાસમાં મોટું યોગદાન આપનાર મહેમાનોનું શિક્ષિકા ઉષાબેન ભોઈ અને ગીતાબેન દ્વારા ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

### આણંદમાં ચરોતર સુન્ની વહોરા મકેરીયા સમાજ દ્વારા ભવ્ય સમુહ લગ્નોત્સવનું આયોજન



**આણંદ** | આણંદ ખાતે ધી ચરોતર સુન્ની વહોરા મકેરીયા સમાજ દ્વારા આયોજિત સમુહ લગ્નોત્સવમાં 6 નવયુગલોએ ઇસ્લામિક રીત-રિવાજ મુજબ નિકાહ પઢ્યા હતા. સમાજના વિકાસ કાર્યોમાં ઉદાર હાથે ફાળો આપનાર દાતાઓનું વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. જેમાં આગેવાનોએ સમાજની પ્રગતિ માટે સતત યોગદાન આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સામાજિક એકતાના ઉમદા હેતુ સાથે યોજાયેલા આ પ્રસંગમાં સમાજના આગેવાનો, કાર્યકરો અને સ્નેહીજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. આ કાર્યક્રમના અંતે સમાજના હોદ્દેદારોએ તમામ સહયોગીઓ અને કાર્યકરોનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમનું સફળ સમાપન કર્યું હતું.

### બાજખેડાવાળ ક્રિકેટ પ્રીમિયર લીગ યોજાઈ, બાજ સુપર ઇલેવન સતત બીજા વર્ષે વિજેતા બની



**ઉમરેઠ** | બાજખેડાવાળ સમાજના પાટનગર ઉમરેઠમાં આઠ શહેરોની ટીમો વચ્ચે 'BKPL અનુપ મહેતા ક્રિકેટ ટુર્નામેન્ટ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.. જેમાં જ્ઞાતિ પ્રમુખ અને અગ્રણીઓના હસ્તે ઉદ્ઘાટિત આ રોમાંચક સ્પર્ધામાં બાજ સુપર ઇલેવન વિજેતા અને BS ઇલેવન રનર્સઅપ જાહેર થયાં હતાં. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા હૃદયસ્થ અનુપ મહેતાના પરિજનો, શિવનાદ વૃંદ પરિવાર અને અન્ય જ્ઞાતિજનોએ વિશેષ આર્થિક સહયોગ પૂરો પાડ્યો હતો. ગુજરાત અને રાજસ્થાનની વિવિધ ટીમો વચ્ચે ખેલદિલીપૂર્વક રમાયેલી આ ટુર્નામેન્ટમાં રમતગમતની સાથે જ્ઞાતિ સંગઠનની ભાવના જોવા મળી હતી.

### કપડવંજ તાલુકા પંચાયત ખાતે સામાજિક ન્યાય સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ



**કપડવંજ** | તાલુકા પંચાયત કચેરીમાં ચેરમેન અનિલભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને સામાજિક ન્યાય સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં આતરસુંબા પોલીસ મથકના અધિકારી અને સભ્ય સચિવ સહ એટીડીઓ ભરતભાઈ ઝાલા દ્વારા એજન્ડા મુજબની વહીવટી કામગીરી હાથ ધરવામાં આવી હતી. સામાજિક કલ્યાણ નિરીક્ષક મિશાલભાઈએ ઉપસ્થિત સભ્યોને અનુસૂચિત જાતિ અને જનજાતિ લક્ષી યોજનાઓ વિશે વિસ્તૃત અને ટેકનિકલ સમજ પૂરી પાડી હતી. આ બેઠક દરમિયાન રજૂ થયેલા વિવિધ મુદ્દાઓ અને યોજનાઓના અમલીકરણ અંગે નોંધ લેવામાં આવી હતી.

### DDU ખાતે 'રાષ્ટ્રીય યુવા દિવસ' નિમિત્તે વિશેષ કાનૂની જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો




**નડિયાદ** | જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, નડીઆદ દ્વારા ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટીમાં સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ અને રાષ્ટ્રીય યુવા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ એન. એ. અંજારીઆના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં સેક્રેટરી ડી. બી. જોષીએ પોક્સો એક્ટ, સાયબર સિક્યુરીટી અને મહિલા-બાળ સુરક્ષા કાયદાઓ વિશે વિસ્તૃત સમજ આપી હતી. વિવિધ નિષ્ણાતોએ દહેજ પ્રતિબંધ, ડોમેસ્ટિક વાયોલેન્સ અને વ્યસનમુક્તિ જેવી સામાજિક બદીઓ સામે જાગૃત કરી કાનૂની સહાય હેલ્પલાઈન અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમના અંતે ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોએ વ્યસનમુક્તિ, બાલ વિવાહ મુક્ત ભારત અને દહેજ પ્રતિબંધ માટે સામૂહિક શપથ ગ્રહણ કર્યા હતાં.

### નડિયાદમાં એસટી કર્મીઓને રાષ્ટ્રીય રોડ સલામતી અંતર્ગત માર્ગદર્શન આપ્યું



**નડિયાદ** | આરટીઓ નડિયાદ દ્વારા એસ.ટી વર્કશોપ ખાતે આયોજિત સેમિનારમાં 50થી વધુ કર્મચારીઓને બસને ફીટ રાખવા અને બ્લાઇન્ડ સ્પોટ ઘટાડવા અંગે માહિતગાર કરાયા હતા. મોટર વાહન નિરીક્ષકો દ્વારા કર્મચારીઓને વાહનની જાળવણી અને સુરક્ષિત ડ્રાઇવિંગ માટેના જરૂરી ટેકનિકલ પાસાઓ વિશે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી. રોડ સેફ્ટી જાગૃતિ અભિયાન અંતર્ગત કમળા ચોકડી ખાતે પેમ્ફલેટ વિતરણ કરી લોકોને ટ્રાફિક નિયમો, હેલ્મેટ અને સીટબેલ્ટના મહત્વ વિશે જાગૃત કરાયા હતા. આ અભિયાનનો મુખ્ય હેતુ ઝડપ મર્યાદા અને સુરક્ષિત વાહનચાલન અંગે જનજાગૃતિ લાવી માર્ગ અકસ્માતો અટકાવવાનો છે તેમ અધિકારી મિતેશ ભંગાલે જણાવ્યું હતું.

### પેટલાદના મોરડ પ્રાથમિક શાળામાં મશાલ યાત્રા સાથે 'સ્પોર્ટ ડે'ની ભવ્ય ઉજવણી



**પેટલાદ** | મોરડ પ્રાથમિક શાળામાં ખૂબ જ ઉત્સાહપૂર્વક સ્પોર્ટ ડેની ઉજવણી કરવામાં આવી હતી. ગામના સરપંચ રાજેન્દ્રભાઈ પરમારે ઉપસ્થિત રહીને મશાલ યાત્રા દ્વારા આ રમતોત્સવની શુભ શરૂઆત કરાવી હતી. આ કાર્યક્રમનું સમગ્ર આયોજન અને સંકલન શાળાના શિક્ષક યોગેશ રાણા તથા હાર્દિક પ્રજાપતિ દ્વારા કરાયું હતું.